Information Reporting

A. સેન્ટ્રલ ઇન્ફોર્મેશન સિસ્ટમ ફોર બેંકિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર (CISBI) હેઠળ બેંક / શાખા વિગતોની પ્રોફોર્મા અને રિપોર્ટિંગ

1) રિઝર્વ બેંક દ્વારા CISBI પોર્ટલ (https://cisbi.rbi.org.in) વેબ પર અમલમાં મૂકવામાં આવ્યું છે. આ સિસ્ટમ હેઠળ બેંકોને તેમની માહિતી એક જ પ્રોફોર્મા (CISBIનું Annex I) માં ઓનલાઈન CISBI પોર્ટલ પર સબમિટ કરવાની રહેશે. પ્રોફોર્મા ઓનલાઈન સબમિટ કરવાની સૂચનાઓ CISBIના Annex II માં આપવામાં આવી છે. CISBI પોર્ટલમાં સંબંધિત પરિપત્રો, યુઝર મેન્યુઅલ તથા અન્ય જરૂરી દસ્તાવેજો ઉપલબ્ધ છે જેથી રિપોર્ટિંગ પ્રક્રિયા સરળ બને.

2) રિઝર્વ બેંકે CISBIમાં માહિતી સબમિટ કરવા માટે બેંકોના નોડલ અધિકારીઓને લોગિન ક્રેડેન્શિયલ્સ આપ્યા છે. cisbi@rbi.org.in પર ઈ-મેલ વિનંતી કરીને CISBI માટે પ્રવેશ પણ મેળવી શકાય છે. બેંકોએ Annex VIમાં આપેલ માર્ગદર્શિકા મુજબ CISBI પોર્ટલ પર માહિતી સબમિટ કરવાની રહેશે, અને ત્યારબાદ યોગ્ય ચકાસણી બાદ CISBI દ્વારા બેંક શાખા / ઓફિસ / NAIO / CSP કોડ્સ માન્યકરણ પછી ફાળવવામાં આવશે. જો શાખાની સ્થિતિમાં ફેરફાર થાય તો બેંકે માત્ર સંબંધિત ભાગનું સંપાદન કરવું પડશે. તમામ બેંકોને શાખાઓ / ઓફિસો / NAIOs / CSPs ખોલવી, બંધ કરવી મર્જર, સ્થળાંતર, રૂપાંતર વગેરે સંબંધિત માહિતી તાત્કાલિક અને મહત્તમ સાત કેલેન્ડર દિવસની અંદર CISBI પોર્ટલ મારફતે ઓનલાઈન સબમિટ કરવાની રહેશે.

3) માહિતી સારી રીતે એકત્રિત કરી શકાય તે માટે, મહિનાના છેલ્લાં અઠવાડિયામાં બેંકોએ CISBIમાંથી અગાઉના મહિનાના છેલ્લા દિવસની સ્થિતિ મુજબ "NIL Report" પણ જનરેટ કરવો પડશે, જેમાં કાર્યરત શાખાઓ, ઓફિસો, NAIOs અને CSPsની કુલ સંખ્યા દર્શાવવાની રહેશે, અને તે માહિતી સાચી છે તેવું પ્રમાણિત કરીને CISBI મારફતે સબમિટ કરવાની રહેશે. બેંકો તેમના સંબંધિત ડેટાને એક્સેસ / ડાઉનલોડ કરવાની સુવિધાનો ઉપયોગ પણ કરી શકે છે.

4) CISBIમાં બેંક-સ્તરની સંપૂર્ણ વિગતો (જેમ કે બેંક કેટેગરી, બેંક ગ્રુપ, બેંક કોડ, જારી લાયસન્સનો પ્રકાર, રજિસ્ટ્રેશન વિગતો, કાર્યક્ષેત્ર, ઓફિસોના સરનામા, વરિષ્ઠ અધિકારીઓના સંપર્ક વિગતો, વગેરે) સમય-મુદ્રા (time stamp) સાથે જાળવવાની વ્યવસ્થા પણ ઉપલબ્ધ છે. પ્રથમ વખત સિસ્ટમમાં પ્રવેશ મેળવ્યા પછી બેંકોએ બેંક-સ્તરની સાચી અને અપડેટેડ માહિતી સબમિટ / અપડેટ કરવી પડશે. CISBI પોર્ટલ પર પ્રારંભિક માહિતી સબમિટ કર્યા પછી, એક વખતની પુષ્ટિ કે "સાચી અને અપડેટેડ બેંક-સ્તરની માહિતી CISBI પર સબમિટ કરવામાં આવી છે" તેવું નિવેદન રિઝર્વ બેંકના સંબંધિત રીજનલ ઓફિસને મોકલવાનું રહેશે. ત્યારપછી બેંક-સ્તરની માહિતીમાં ફેરફાર થાય તો તે તાત્કાલિક CISBI પોર્ટલ પર અપડેશન માટે સબમિટ કરવાનું રહેશે. બેંકોએ Banking Channel Name, Address, geotagging વગેરેના વિગતવાર અને સ્પષ્ટ particulars સંક્ષેપ વિના (અબ્રિવિએશન વગર) દાખલ કરવાની રહેશે.

5) **રિપોર્ટિંગ (Time line) સમયરેખા:** બેંકે CISBI પોર્ટલ પર નિર્ધારિત સાત કેલેન્ડર દિવસની અંદર રિપોર્ટિંગ કરવું પડશે. જો કોઈ એવી ઘટના / ફેરફાર માટે રિઝર્વ બેંકની પૂર્વ મંજૂરી જરૂરી ન હોય, બેંકે 15 કેલેન્ડર દિવસની અંદર રિઝર્વ બેંકને તે અંગે અહેવાલ આપવાનો રહેશે (રિપોર્ટિંગ ફોર્મેટ Annex IIIમાં આપેલ છે). નિર્ધારિત સમયમર્યાદામાં માહિતી / વિગતો ન મળવી અથવા ખોટી / અપૂર્ણ / આંશિક માહિતી આપવી (CISBI પોર્ટલ રિપોર્ટિંગ સહિત) ગંભીરતાપૂર્વક જોવામાં આવશે અને બેંક સામે દંડાત્મક કાર્યવાહી થઈ શકે છે, જેમાં આગામી મહત્તમ ત્રણ વર્ષ સુધી વ્યવસાય સ્થળ ખોલવાથી પ્રતિબંધ (debarment) પણ સમાવિષ્ટ છે.

6) આ નિર્દેશ (Directive) સંબંધિત કોઈ પણ મુદ્દાઓ પર ની વિશેષ માહિતી રિઝર્વ બેન્ક ની રીઝનલ ઓફિસમાંથી મેળવી શકાશે.

**નોંધ:** બેંકોએ તેમની અરજીઓ રિઝર્વ બેંકને સંબંધિત અરજી ફોર્મનો ઉપયોગ કરીને PRAVAAH પોર્ટલ (https://pravaah.rbi.org.in) મારફતે સબમિટ કરવાની રહેશે.